# ગાંધીનગરમાં ઉજવાયો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

**મહિલા શક્તિના કામનું ગૌરવ-સન્માન કરી "હર હાથ કો કામ, હર કામ કા સન્માન" સાકાર કરીએ : મુખ્યમંત્રી**





ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગુજરાતમાં મહિલાઓના સમગ્રતયા સન્માન-ગૌરવ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માત્ર એક દિવસ પૂરતી કરીને નહીં, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન હંમેશાં માતા-બહેનો, નારી શક્તિનું સન્માન જાળવવા આપણે પ્રતિબદ્ધ છીએ. મુખ્યમંત્રી ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી અવસરે સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નારીને શક્તિસ્વરૂપા કહી છે. આપણે પણ એ શક્તિ સ્વરૂપાનું, તેના કાર્યનું હંમેશા આદર્શ સન્માન કરતા રહ્યા છીએ એમ તેમણે જણાવ્યું હતું. "હર હાથ કો કામ, હર કામ કા સન્માન"ના મંત્ર સાથે માતા-બહેનોના કાર્ય પ્રદાનને રોજિંદા જીવનમાં પણ સન્માનવા નું તેમણે આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીએ બનાસકાંઠાની મહિલા પશુપાલકોએ દૂધ ઉત્પાદન ક્ષેત્રે જે આગવી સિદ્ધિઓ મેળવી છે તેનો ગૌરવસહ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારે વડાપ્રધાનના દિશાદર્શનમાં મહિલા કલ્યાણ માટેની બહુવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. એટલું જ નહીં, સશક્ત સમાજના નિર્માણ માટે સશક્ત મહિલાના કાર્ય મંત્ર સાથે મહિલા કલ્યાણ માટે આ વર્ષના બજેટમાં ૬૦૬૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જે ગયા વર્ષના બજેટ કરતા ૨૩% વધારે છે. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, સમાજમાં મહિલાઓ, ગૌરવભેર જીવન જીવી શકે, દિન પ્રતદિન પ્રેમનું ગૌરવ વધે, અને તેમના પ્રત્યે સમાજમાં કુરીવાજો, અન્યાય, અત્યાચાર, દુર થાય અને તેમને રક્ષણ મળી રહે, સમાજમાં સમરસ વાતાવરણ બને, દરેક ક્ષેત્રે મહિલાઓ આગળ વધે તે માટે ગુજરાત સરકાર કટીબદ્ધ છે. મુખ્યમંત્રીના હસ્તે દિકરીને અન્નપ્રાશન કરાવામાં આવ્યું હતું. ઉપરાંત જામનગર અને સાબરકાંઠા જિલ્લાના સખી વન સ્ટોપ સેન્ટરનું ઈ-લોકાર્પણ, સ્વૈયસેવી સંસ્થા અને મહિલા કાર્યકર્તાને ગુજરાત મહિલા વિકાસ એવોર્ડની સન્માનિત કરાયા હતા. આ સાથે ૧૫ મુખ્ય સેવિકા અને આંગણવાડી તેડાગર બહેનોને માતા યશોદા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

## અંબાજી મંદિરમાં પ્રસાદ મામલે વિવાદ વકર્યો

# અંબાજીમાં ભક્તોમાં વિરોધ, અમારે તો મોહનથાળનો પ્રસાદ જ જોઈએ

**કલેક્ટરે જણાવ્યું કે, મંદિરના ટ્રસ્ટીઓને અનેક રજૂઆત મળી હતી અને રજૂઆત બાદ પ્રશાસને નિર્ણય લીધો છે**


બનાસકાંઠા, તા.૫

અંબાજી મંદિરમાં પ્રસાદનો વિવાદ વકર્યો છે. હવે અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરવાનો નિર્ણય કરાતા શ્રદ્ધાળુઓમાં પણ રોષ છવાયો છે. આજે અંબાજી ખાતે મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે આવ્યા હતા. ત્યારે તેમને ચિકીનો પ્રસાદ મળતા મોહનથાળના પ્રસાદની માંગ કરી હતી. ભક્તોએ રોષ સાથએ જણાવ્યુ હતુ કે, 'અમારે ચિકી નહીં પરંતુ મોહનથાળનો પ્રસાદ જોઈએ.' આ પહેલા પ્રસાદ મામલે ગામલોકોએ પણ વિરોધ નોંધાવ્યો હતો. વર્ષોથી અંબાજીની ઓળખ બનેલો મોહનથાળના પ્રસાદને બદલીને ચિકીના પ્રસાદ કરતાની સાથે રોષ દર્શાવ્યો હતો. આ હિન્દુ હિત રક્ષા સમિતિએ ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે. આજે ભક્તોએ પ્રસાદ લેતાની સાથે જ ઉગ્ર વાત ઉચ્ચારી હતી. એક વૃદ્ધ વ્યક્તિએ જણાવ્યુ કે, અમારે ૧૩૫ મોહનથાળનો પ્રસાદ જોઈએ છે. પરંતુ અમને એ પ્રસાદ નથી મળ્યો. હવે મેં માત્ર એક જ ચિકીનો પ્રસાદ લીધો છે. આ એક ચિક્કીમાંથી બધાને મોહનથાળની જેમ વહેંચી ન શકાય.તો અન્ય ભક્તે જણાવ્યુ કે, અહીં વર્ષે અંદાજે ૩૫થી ૪૦ કરોડનો મોહનથાળ વેચાય છે. તો આ પ્રસાદને કેમ બદલવામાં આવી રહ્યો છે. અંબાજી મંદિરમાં ચીકીનો પ્રસાદ શરુ કરવા પાછળનું કારણ જણાવતા કલેક્ટરે જણાવ્યુ હતું કે, મંદિરના ટ્રસ્ટીઓને અનેક રજૂઆત મળી હતી અને આ રજૂઆત બાદ પ્રશાસને નિર્ણય લીધો છે. ચીકીનો પ્રસાદ સૂકો હોવાથી ભક્તો તેને ત્રણ મહિના સુધી રાખી શકે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા

# ગોંડલ ચોકડી પરના ૬ લેન એલિવેટેડ ઓવરબ્રિજનું લોકાર્પણ

**ઓવરબ્રિજ ૧૫૦ ફૂટ રિંગરોડ, ગોંડલ રોડ અને અમદાવાદ નેશનલ હાઈ-વે એમ ત્રણ તરફ ખુલે છે**



ગોંડલ, તા.૫

ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે ગોંડલ ચોકડી પરના ૬ લેન એલિવેટેડ ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું છે. જે ગુજરાતનો પહેલો સિંગલ પિયર ફ્લાયઓવર છે. એટલે કે એક જ થાંભલા પર છ લેનનો બ્રિજ તૈયાર કરાયો છે. દેશભરમાં અત્યાર સુધીમાં આવા ત્રણ બ્રિજ બન્યા છે. આ ૧.૨ કિલોમીટર લાંબો ઓવરબ્રિજ ૯૦ કરોડના ખર્ચે થયો તૈયાર કરાયો છે. ગુજરાતનો પહેલો અને દેશનો ત્રીજો સિંગલ પિયર ઓવરબ્રિજ ચાર વર્ષની કામગીરી બાદ તૈયાર કરાયો છે. આ ઓવરબ્રિજ ૧૫૦ ફૂટ રિંગરોડ, ગોંડલ રોડ અને અમદાવાદ નેશનલ હાઈ-વે એમ ત્રણ તરફ ખુલે છે. ગોંડલ, જેતપુર, જૂનાગઢ, સોમનાથ, પોરબંદર, દ્વારકા જતા વાહનોની સાથે જ શાપર ઔદ્યોગિક વિસ્તારમાં જવા માટે પણ અહીંથી જ પસાર થવુ પડે છે.

આ ઓવરબ્રિજની સુવિધાને પગલે રાજકોટથી જૂનાગઢ અને ગોંડલ તરફ જવા ઈચ્છતા લોકો ગોંડલ ચોકડી પાસે ટ્રાફિકનો ભોગ બન્યા વગર સરળતાથી પરિવહન કરી શકશે. તેમજ ગોંડલથી અમદાવાદ આવવા માંગતા લોકો સીધા બાયપાસ થઈને અમદાવાદ હાઈવે પહોંચી શકશે. આ ઉપરાંત ઔદ્યોગિક વિસ્તાર શાપર-વેરાવળ સહિત ગોંડલ અને જૂનાગઢ, સોમનાથ તરફ જતા પ્રવાસીઓને પણ ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.

# બોગસ PSI મયૂર તડવી કેસમાં ચાર ADI અને બે PI સસ્પેન્ડ

**હવે પોલીસ દ્વારા આ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે અને કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કરાયા**

ગાંધીનગર, તા.૫

બોગસ પીએસઆઈ મયુર તડવી કેસમાં આખરે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ૪ એડીઆઈ અને બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા પોલીસના જાપ્તામાં આવી ગયા બાદ મયૂર તડવીને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે મયૂર તડવીના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. મહત્વનું છે કે ડભોડા પોલીસ મથકમાં મયુર તડવી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ખોટા ડોક્યુમેન્ટ બનાવી મયુર તડવી કરાઈ એકેડમીમાં છેલ્લા ઘણા સમયથી ટ્રેનિંગ લઈ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને આ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ત્યારબાદ જ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી. વિધાનસભા ગૃહમાં પણ આ મામલે વિપક્ષે સરકારને ઘેરી હતી અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, PSIની નોકરી મેળવવા માટે ના માત્ર ફિઝિકલ ટેસ્ટ પરંતુ અઘરી ગણાતી લેખિત પરીક્ષા પણ પાસ કરવી પડે છે. જોકે, આવું કશુંય કર્યા વિના જ કરાઈ એકેડમીમાં એક યુવક PSIની ટ્રેનિંગ લેવા પહોંચી ગયો હોવાનું સામે આવતા પોલીસ માટે શરમજનક સ્થિતિ સર્જાઈ છે. સૂત્રોનું માનીએ તો કરાઈ પોલીસ એકેડમીમાં ટ્રેનિંગ માટે આવતા ઉમેદવારોનું વેરિફિકેશન કરવાની પ્રોસેસમાં જ કેટલાક છીંડા રહેલા છે.

# ટ્રક પાછળ ટેમ્પો ઘુસી જતાં અકસ્માત સર્જાતા બેનાં મોત

**ધોરાજીના યુવાન ટેમ્પોમાં ટમેટા ભરી રાજકોટ જઈ રહ્યા હતા ત્યારે ઘટના બની**

રાજકોટ, તા.૫

ગોંડલ-રાજકોટ નેશનલ હાઈવે બિલિયાળા ગામના પાટીયા પાસે રાત્રે એક વાગ્યાના સમયે ધોરાજીથી ટેમ્પોમાં ટમેટા ભરી મોહસીન હાજી રફીકભાઈ મોતીવાલા અને તેની બાજુમાં બેઠેલો અજાણ્યો યુવાન રાજકોટ તરફ જઈ રહ્યો હતો, ત્યારે બિલિયાળા પાસે ઉભેલા ટ્રક પાછળ ટેમ્પો ઘૂસી જતા સર્જાયેલા અકસ્માતમાં બંને યુવાનોના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. ઘટનાના પગલે તાલુકા પોલીસ દોડી ગઈ હતી અને યુવાનના મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે લાવી પીએમની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતુ કે, ધોરાજીમાં રહેતા મોહસીન હાજી રફીકભાઈ મોતીવાલા ટેમ્પો ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા અને પરિણીત હતા. આ ઘટના બાદ ત્યાંથી પસાર થતા લોકો પણ દોડી આવ્યા હતા અને તરત ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા બન્ને યુવાનોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે ત્યાં ફરજ પરના અધિકારીએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# "સફળ વોકાથોન સાથે અંગ દાનની જાગૃતિમાં કેડી હોસ્પિટલ, અમદાવાદ અગ્રેસર છે, ૨૦૦૦ સહભાગીઓ જોડાયા"



અમદાવાદ, તા.૫

અંગ દાન એ ભારતમાં અત્યંત જરૂરી છે, જેમાં અંગ પ્રત્યારોપણની જરૂર હોય તેવા લોકોની સંખ્યા અને પ્રત્યારોપણ માટે અંગોની ઉપલબ્ધતા વચ્ચે વિશાળ અંતર છે. કેડી (કુસુમ ધીરજલાલ) હોસ્પિટલે ૫મી માર્ચ ૨૦૨૩ના રોજ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર અટલ બ્રિજ પાસે અંગદાન જાગૃતિ અંગે વોકાથોનનું આયોજન કર્યું હતું. અંગદાનના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે ૨૦૦૦ થી વધુ સહભાગીઓએ ચાલીને આ ઈવેન્ટને સફળ બનાવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન એમ. થેનારસન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર અને અતિથિ વિશેષ તરીકે, અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક દિલીપ દેશમુખે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં કેડી હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડૉ.અદિત દેસાઈ પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે અંગદાતાના પરિવારનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વોકાથોનમાં પ્લૅકાર્ડ "અંગોનું દાન કરો, જીવન બચાવો," "એક અંગ દાતા બનો, હીરો બનો," અને "એક અંગ દાતા આઠ લોકો સુધી જીવ બચાવી શકે છે" જેવા સૂત્રોચ્ચાર કરતા લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. સહભાગીઓએ ઉત્સાહપૂર્વક કૂચ કરી, જેઓ ઈવેન્ટના સાક્ષી બન્યા હતા તે બધાને અંગ દાન વિશે જાગૃત કર્યા. અંગદાનની જાગૃતિ અંગેની પોસ્ટર સ્પર્ધા સાથે ઈવેન્ટનો અંત આવ્યો, જેમાં ઘણા ઉત્સાહી સહભાગીઓએ તેમની સર્જનાત્મકતા અને અંગદાનની જાગૃતિ માટેના હેતુનું જુસ્સાથી પ્રદર્શન કર્યું હતું.

મુખ્ય મહેમાન એમ. થેનારસને ઉત્સાહપૂર્વક ઉમેર્યું "કુસુમ ધીરજલાલ હોસ્પિટલ દ્વારા આયોજિત અંગ દાન જાગૃતિ અંગેની આ વોકાથોનનો ભાગ બનીને મને આનંદ થાય છે. અંગદાન એ એક ખુબ જ મહત્વનો મુદ્દો છે અને તેના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવી જરૂરી છે. આ હેતુ માટે વોકાથોન ઉત્તમ પહેલ છે અને મને આશા છે કે તે ઘણા લોકોને આગળ આવવા અને તેમના અંગોનું દાન કરવાનો સંકલ્પ કરવા પ્રેરણા આપશે."

# ઉત્તર ભારત તરફની ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે

**તહેવારને લીધે લોકોને પગ મુકવા જગ્યા ન હોય તે રીતના ગિચો ગીચ મુસાફરી કરવા લોકો મજબૂર બન્યા**

સુરત, તા.૫

હોળી ધુળેટી પૂર્વે જ કારીગર મજૂર વર્ગ મોટી સંખ્યામાં વતન તરફ ઉપડી રહ્યા છે ત્યારે ઉત્તર ભારત માટેની ટ્રેનોમાં ભયંકર ભીડ જોવા મળી રહી છે. લોકોને પગ મુકવા જગ્યા ન હોય તે રીતના ગિચો ગીચ ભરીને મુસાફરી કરવા લોકો મજબૂર બન્યા છે એટલું જ નહીં પરંતુ ટ્રેનના બાથરૂમમાં પણ લોકો મુસાફરી કરતા નજરે પડ્યા હતા. ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા મજૂરો કારીગરો વર્ગ ખાસ કરીને યુપી બિહારના વતની હોળી ધૂળેટીના પ્રવેશ પોતાના વતન જતા હોય છ. ઉધના રેલવે સ્ટેશન પર ઉત્તર ભારતને જોડતી ટ્રેનમાં ભયંકર ભીડ જોવા મળી રહી છે.બેસવા કે ઉભા રહેવાની પણ જગ્યા નથી. પ્રવાસીઓના ઘસારાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્રએ હોલી સ્પેશિયલ ટ્રેનોની વ્યવસ્થા તો કરી પરંતુ પ્રવાસીઓની સંખ્યા સામે ટ્રેનોની સંખ્યા અપૂરતી હોય એવા દ્રશ્ય ઉધના રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યા છે. ટેક્સટાઈલ ઉધોગના સહિત વિવિધ ઘટકો સાથે યુપી બિહાર સહિત ઉત્તર ભારતીય મોટી સંખ્યામાં સંકળાયેલા હોવાથી તહેવારોમાં વતન જવા માટેનો ઘસારો ખૂબ જ હોય છે. ઉધના રેલ્વે સ્ટેશન પર ધૂળેટીના પર્વને લઈને પોતાના પરિવાર સાથે વતન જવા રેલવે સ્ટેશન પર ઘસારો જોવા મળ્યો હતો ભારે ભડકડ ભીડ વચ્ચે રેલવેમાં મુસાફરી કરવા માટે પડાપડી કરતા જોવા મળી રહ્યા છે. મહિલાઓ સહિત પુરુષો એક જ ડબ્બામાં ગીચોગીચ ભરાયેલા જોવા મળ્યા હતા સાથે જ લોકો પોતાના વતન જવા માટે કોચના બાથરૂમમાં પણ બેસીને મુસાફરી કરવાનો વારો આવ્યો છે. સરકાર રેલવે, તંત્ર દ્વારા કોઈ યોગ્ય વ્યવસ્થા કરી કાયમી માટે નિવારણ લાવવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# હોળીને લઈને દ્વારકાધીશ મંદિરના સમયમાં ફેરફાર

દ્વારકા, તા.૫

દ્વારકા મંદિરમાં ફુલડોલ ઉત્સવને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણતાના આરે છે. દ્વારકામાં હાલ ભક્તિમય માહોલ જામ્યો છે. દ્વારકામાં કીર્તિસ્તંભથી દ્વારકાધીશ મંદિર સુધી જવા માટે બેરી ગેટ અને ડોમની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દ્વારકામાં ફુલડોલ ઉત્સવ પર લાખો યાત્રિકો પગપાળા અને વાહનોથી દ્વારકામાં ખાસ ફુલડોલ ઉત્સવ પર આવતા હોય છે ત્યારે યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ દ્વારકામાં દર્શન માટે વિશેષ આયોજન કરવામાં આવે છે, જેમાં કીર્તિસ્તંભથી એન્ટ્રી થાય છે અને ૫૬ સીડી સ્વર્ગ દ્વારેથી યાત્રિકોને પ્રવેશ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતું આ વચ્ચે દ્વારકા મંદિરમાં ભક્તો માટે દર્શનનો સમય બદલાયો છે.

તારીખ ૬ના રોજનું શિડ્યુલ : હોળી તેમજ ફૂલડોલ મહોત્સવ દરમિયાન દ્વારકાધીશ જગત મંદિર ખાતે દર્શનના સમયમાં ફેરફાર રહેશે. તારીખ ૬ ના રોજ સાંજે ૬:૨૪ થી દ્વારકા ખાતે હોળી પ્રગટાવવામાં આવશે. તારીખ ૬ ના દ્વારકાધીશ મંદિરમાં દર્શન નિત્યક્રમ મુજબ રહેશે. તારીખ ૭નું શિડ્યુલ : તારીખ ૭ મંગળવારે સવારે ૬ વાગ્યે મંગળા આરતી, ત્યાર બાદ બપોરે ૧ વાગ્યા સુધી નિત્યક્રમ મુજબ દર્શન થશે. બપોરે ૧ થી ૫ સુધી મંદિર બંધ રહેશે. સાંજે ૫ વાગ્યાથી નિત્ય ક્રમ મુજબ દર્શન થશે. તારીખ ૮ નું શિડ્યુલ : તારીખ ૮ ફૂલડોલ ના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી, ત્યાર બાદ બપોરે ૧ સુધી નિત્યક્રમ મુજબ દર્શન, ત્યાર બાદ બપોરે ૧ થી ૨ સુધી મંદિર બંધ રહેશે. બપોરે ૨ વાગ્યે ખાસ ઉત્સવ આરતી થશે. બપોર બાદ બપોરે ૨ થી ૩ સુધી ખાસ ઉત્સવ દર્શન ફૂલડોલ મહોત્સવ મંદિરની અંદર ઉજવાશે. બાદ બપોરે ૩ થી ૫ મંદિર બંધ રહેશે. સાંજે ૫ વાગ્યાથી નિત્યક્રમ મુજબ દર્શન રહેશે.

## સોનુ પકડાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૪૮૩ ગ્રામ વજનના સોના સાથે ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા આ સોનાની કિંમત અંદાજે ૬૮.૭૧ લાખ રુપિયા હોવાનું સામે આવ્યું હતું. આ સોનાને યુવક પોતાના સામાનમાં છૂપાવીને લઈ જઈ રહ્યો હતો અને ઝડપાઈ ગયો હતો. વધુ એક કિસ્સામાં કસ્ટમના અધિકારીઓએ મિક્સરમાં સોનું સંતાડીને લઈ જઈ રહેલાં એક મુસાફરને પણ ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી કસ્ટમ વિભાગના અધિકારીઓ ૬૯ લાખનું સોનું ઝડપી પાડ્યું હતું.

બીજી મહત્વની વાત એ છે કે, કેટલાંક લોકો એરપોર્ટ પર દાણચોરી કરતા હોય છે. લાખો કરોડો રુપિયાની કિંમતનું સોનું આ રીતે સંતાડીને તેઓ દેશમાં લાવતા હોય છે.

## શ્રીલંકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરને તેમની નવી દિલ્લીની સત્તાવાર મુલાકાત દરમિયાન હેદરાબાદ હાઉસ ખાતે મળ્યા હતા. અમે ફળદાયી દ્વિપક્ષીય વાતચીત કરી હતી અને ભારત-શ્રીલંકા સંબંધોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. વિદેશ મંત્રી એમ.યુ. એમ. અલી સાબરીએ એક ઈન્ટરવ્યુંમાં જણાવ્યું કે, આર્થિક સુધારાને પ્રોત્સાહન આપવા માટે નવી દિલ્લી સાથે નજીકથી કામ કરવાની સરકારની યોજનાઓ વિશે વાત કરી હતી. હંબનટોટા બંદરે ચીનના જાસૂસી જહાજના આગમન બાદ ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોમાં ખટાશની આશંકા અંગે તેમણે કહ્યું કે, જ્યારે તમે બે દેશો સાથે કામ કરો છો, એક પરિવારમાં વિચાર પણ મતભેદો હોય છે, વિવાદો ન હોય.

## સિસ્ટમ સક્રિય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ઈન્ડ્યુસાઈસર સિસ્ટમ કે જે વાદળ લઈને આવે છે તે સિસ્ટમ સક્રિય થતા માવઠાની આગાહી કરાઈ છે. હાલ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં માવઠાની શક્યતા છે. પરંતુ બે દિવસ બાદ વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થશે.

વરસાદી સિસ્ટમ સક્રિય થતાં વાતાવરણમાં ભેજ વધશે અને રાજ્યમાં દિવસ દરમિયાન ભારે બફારો અનુભવાશે. માવઠાની સાથે ગરમીનો પણ પ્રકોપ જોવા મળશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ઈંડ્યુઝ સાઈઝર સક્રિય હોવાને કારણે આ પ્રકારનું વાતાવરણ સર્જાયું છે. રાજ્યમાં માર્ચથી મે મહિના દરમિયાન સરેરાશ ૪થી ૬ ડિગ્રી જેટલું તાપમાન વધારો રહેશે અને સામાન્ય કરતા વધુ ગરમી અનુભવાશે. સાથે જ જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં વધુ તાપમાન નોંધાશે. મે મહિનામાં ધગધગતી ગરમીનો અનુભવ થશે. તો માર્ચ મહિનામાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી સુધી જઈ શકે છે.

## ૧૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. જેમાં થોડા સમય અગાઉ મોટાભાગની હોસ્પિટલોમાં વ્યવસ્થાની મોકડ્રિલ યોજવામાં આવી હતી. જે અંતર્ગત તેમણે સિવિલ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સમગ્ર માળખાનું બારીકાઈથી નિરીક્ષણ કરીને અધિકારી કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. રાજ્યમાં સંભવતઃ આવનારી કોરોના લહેર માટે માનવબળ અને મશીનરી સહિત રાજ્યનું સંપૂર્ણ આરોગ્ય તંત્ર સજ્જ છે.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરના તથ્યો પરથી, અરજદાર સામે પ્રથમ દષ્ટિએ કેસ કરવામાં આવે છે." આ કેસમાં જસ્ટિસ શમીમ અહેમદે કહ્યું, "હિંદુ ધર્મમાં ગાયને દૈવી ભેટ તરીકે વર્ણવવામાં આવી છે. દંતકથા અનુસાર, દેવતાઓ અને દાનવો વચ્ચેના સમુદ્ર મંથનથી ગાયની ઉત્પત્તિ થઈ હતી. તેને સોંપવામાં આવી હતી." ન્યાયાધીશે વધુમાં ઉમેર્યું, "ગાયને વિવિધ દેવતાઓ સાથે પણ સાંકળવામાં આવી છે. ખાસ કરીને ભગવાન શિવ, જેનો પર્વત નંદી એક બળદ છે. ભગવાન ઈન્દ્ર કામધેનુ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. ભગવાન કૃષ્ણ તેમની યુવાનીમાં ગાયો ચરતા હતા."

ન્યાયાધીશ શમીમ અહમદે કહ્યુ- ગાયના પગને ચાર વેદોનું પ્રતિક માનવામાં આવે છે. તેના દૂધમાં ચાર પુરૂષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)નું મિશ્રણ હોય છે. વૈદિક કાળથી ગાયની પૂજા કરવામાં આવે છે. ગાયની મહાનતાનો ઉલ્લેખ મહાભારત અને વેદોમાં પણ છે. ભગવાન રામને પણ ગાય ભેટમાં મળી હતી. તેમણે કહ્યુ- જે પણ ગાયને મારે છે કે બીજાને તેને મારવાની મંજૂરી આપવામાં આવે છે, તેણે વર્ષો સુધી નરકમાં ભોગવવું પડે છે.

## બંધક બનાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મદદનો વિડીયો વાયરલ કર્યો છે. દુબઈના સરૈયા શહેરમાં ઈકબાલ રેસ્ટોરન્ટમાંથી, રિઝવાન તેની સાથે થઈ રહેલી હેરાનગતિનો વિડીયો બનાવીને સુરક્ષિત રીતે ભારત પાછા આવવાની વિનંતી કરતો જોવા મળે છે. આરોપ છે કે માલિકે છેતરપિંડી કરીને તેના નામે લોન મેળવી હતી અને તેને હોટલના રૂમમાં બંધક બનાવી રાખ્યો હતો જ્યાં તે કામ કરતો હતો. દુબઈમાં ફસાયેલા રિઝવાનના ભાઈ ઈરફાને જણાવ્યું કે ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ દુબઈમાં સલૂન ચલાવતા ગુલમોહમ્મદ નામના પાકિસ્તાની વ્યક્તિએ તેને ફોન કર્યો હતો. ત્યાં પહોંચીને નોકરીના બહાને પાકિસ્તાની સલૂન માલિકે છેતરપિંડી કરીને તેના નામે ૩૬ હજાર દિરહામ (૭ લાખ ૫૬ હજાર)ની લોન મેળવી હતી. આ પછી તેને ઈકબાલ હોટલ પાસેના એક રૂમમાં બંધક બનાવી રાખ્યો હતો. આરોપ છે કે સલૂન માલિકે રિઝવાનના તમામ દસ્તાવેજો અને વિઝા પોતાની પાસે રાખ્યા છે.

સોશિયલ મીડિયા પર વિડીયો શેર કરીને યુવકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ગૃહમંત્રી અમિત શાહને મદદ માટે વિનંતી કરી છે.